# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૬૫ તા.૮-૩-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :– વર્ષ ૨૦૧૬–૧૭ માં બાળકોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પુરી પાડવા બાબત.

સંદર્ભ :–અત્રેની કચેરીની તા.૦૮/૦૩/૨૦૧૬ની એડી.પી.સીની નોંધ ૫૨ મળેલ મંજુરી અન્વયે.

આર.ટી.આઈ. એકટ–૨૦૦૯ નીચે રાજય સરકાર ધ્વારા તૈયાર કરવામાં આવેલ ગુજરાત આર.ટી.ઈ. રૂલ્સ–૨૦૧૨ ના નિયમ–૫ માં જયા પડોશના વિસ્તારોમાં (પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક) શાળાઓનું અસ્તિત્વ નથી તેવા વિસ્તારમાં બાળકોને મફત પરિવહન સુવિધાઓ પુરી પાડવા વર્ષ ૨૦૧૬–૧૭ સર્વ શિક્ષા અભિયાન વડી કચેરી,ગાંધીનગરના પરિપત્ર મુજબ બાળકોને પરિવહન સુવિધાનો લાભ નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસ(શાળા પ્રવેશોત્સવ)થી નીચે મુજબના મુદ્દાઓને ધ્યાને લઈ એસ.એમ.સી. ધ્વારા કરવામાં આવેલ દરખાસ્ત મુજબ શાળા વ્યવસ્થાપન સમિતિ કક્ષાએ આ સુવિધા શરૂ કરવાની થાય છે તો નીચેની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતે શાળા વ્યવસ્થાપન સમિતિ ધ્વારા લાભાર્થી બાળકો માટે દરખાસ્ત (દરખાસ્ત ફોર્મ આ સાથે સામેલ છે બિડાણ–૧) કરવા જણાવવામાં આવે છે.

ટ્રાન્સર્પોટેશન સુવિધા માટેની દરખાસ્ત મેળવવાની સુચનાઓ અને માર્ગદર્શિકા :–

જિલ્લા અને કોર્પોરેશનના વર્ષ ૨૦૧૬–૧૭ માં ટ્રાન્સર્પોટેશન/ એસ્કોર્ટ ફેસીલીટીમાં કરેલ દરખાસ્ત મુજબ શાળા શરૂ થયેથી નાણાંકીય વર્ષ અંતિત સુધી આ બાળકો માટે ગ્રાન્ટનો ઉપયોગ કરવાનો રહેશે.

- જે વોર્ડ /વિસ્તારથી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓનું અસ્તિત્વ નથી તેવા વિસ્તારના (બાળકના રહેઠાણથી જયાં પ્રાથમિક શાળાનું અંતર એક કિ.મી. થી વધુ અને ઉચ્ચ પ્રાથમિક શાળાનું અંતર ત્રણ કિ.મી. થી વધુ છે તેવા વિસ્તારના) બાળકોને ટ્રાન્સર્પોટેશનની સુવિધા મળે તે માટે પ્રાથમિકતા આપવાની રહેશે.
- જે વોર્ડ /વિસ્તારથી ઉચ્ચતર પ્રાથમિક શાળાઓનું અંતર ત્રણ કિ.મી. થી વધુ છે અને બાળકોની સંખ્યા ઓછી હોય અને નવી શાળા ખોલી શકાતી ન હોય તેવા વોર્ડમાં ધો.૧ થી ૫ ની શાળા હોય, પંરતુ ધો. ૬, ૭, ૮ ની શાળાનું અંતર ૩ કિ.મી. થી વધુ હોય તેવા વિસ્તારના બાળકોને પ્રાથમિકતા આપવાની રહેશે.
- એસ.એમ.સી. ધ્વારા શાળા સમયને ધ્યાનમાં રાખી જો સરકારી બસ શહેરી વિસ્તારની ટ્રાન્સપોર્ટ સેવાની ઉપલબ્ધતા હોય તો તેને પ્રાથમિકતા આપી બાળકોના બસ માટેના પાસ માટેની નકલના આધારે તેનું ચુકવણું એસ.એમ.સી. મારફત કરવાનું રહેશે. અને તેના તમામ રેકોર્ડ, રજિસ્ટરો નિભાવવાના રહેશે.
- જે વિસ્તારમાં સરકારી બસ, શહેરી કોર્પોરેશનની બસની સુવિધા શાળાના સમય મુજબ ઉપલબ્ધ ન હોય તેવા વિસ્તારના આરટીઓ માન્ય બંધ બોડીના ટ્રાન્સપોર્ટશન માટેના માન્ય વાહનનો ઉપયોગ બાળકોને સાનુકુળ રહે તે મુજબ વ્યવસ્થા કરી અને વાહન ચાલકોની તમામ વિગતો એસ.એમ.સી. કક્ષાએ નિભાવવાની રહેશે. (નામ, સરનામું, ફોન.નં., બાળકોના નામની યાદી, આર. સી. બુક, વિમા પાવતી, ડ્રાઈવરની લાયસન્સની વિગતો વિગેરે)
- જે બાળકો માટે ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવાની હોય તે બાળકોની વિગતો અને મુસાફરી કાર્ડની વિગતો પણ રાખવાની રહેશે.
- ટ્રાન્સપોર્ટેશન યોજનાનો લાભ મેળવતા બાળકોની (બિડાણ–૩)મુજબની ફોટોગ્રાફી ચાઈલ્ડ પ્રોફાઈલ નિભાવવાની રહેશે.
- દરખાસ્તમાં દર્શાવેલ બાળકોના રહેઠાણ અને શાળાનું અંતર અને અન્ય વિગતોની ઝોન, જિલ્લા અને ગાંધીનગર કક્ષાએથી રેન્ડમલી ચેકીંગ કરવામાં આવશે.
- શાળા કક્ષાએ વર્ષ ૨૦૧૬–૧૭ માટે ટ્રાન્સપોર્ટેશન યોજનાનો લાભ મેળવતા બાળકોની જ નવી ફાઈલ નિભાવવાની રહેશે. તેમજ બાળકોનું હાજરીપત્રક વાહન ચાલક પાસે તેમજ એસ.એમ.સી. કક્ષાએ નિયમિત નિભાવવાનું રહેશે.

વધુમાં શાળાઓ ધ્વારા પણ નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહે છે.

(૧) દરેક શાળા સંચાલક મંડળ કે પ્રિન્સીપાલ તેઓની શાળામાં આવતા બાળકોને શળાએ લાવવા અને ઘરે લઈ જવા માટે ઉપયોગમાં લેવાતી ઓટોરીક્ષા અને મારૂતિવાન કે પેસેન્જર કે અન્ય વાહન માટે ફિટનેશ સર્ટિફિકેટ અને પરમીટ છે કે કેમ? તેની ખાતરી કરી તેની નકલ રાખે અને તેને સંમયાંતરે વર્ષમાં ઓછામાં ઓછા ત્રણ વાર અપડેટ કરવામાં આવે.

(૨) ઓટોરીક્ષા અને મારૂતિવાન કે પેસેન્જર કે અન્ય વાહનમાં જે બાળકો આવે છે તેઓના વાલીઓને શાળામાં બોલાવી બાળકોની સલામતી અને સગવડો સચવાય તે માટે રિક્ષા અને વાનના ચાલકોની માહિતીથી વાલીઓ પણ પરીચીત રહે તે માટે એક અઠવાડિયા દરમિયાન વાલી મિટીંગ બોલાવી જાગૃતિ લાવવાની રહેશે.

(૩) ઓટોરીક્ષાની કેપેસીટી ત્રણ બેઠક અને એક રિક્ષા ચાલકની હોવાથી રિક્ષા ચાલકની બાજુમાં કોઈ પણ સંજોગોમાં બાળકોને બેસાડવામાં ન આવે તેની કાળજી લેવામાં આવે. ત્રણની બેઠક ઓટોરીક્ષામાં અલાઉ હોવાથી ૧૨ વર્ષથી ઓછી ઉંમરના ૬ બાળકો સુધી બેઠક મુજબ બાળકોને લઈ જવા અને લાવવામાં આવે તે માટે ચુસ્તપાલન કરવવાનું રહેશે.

(૪) મારૂતિવાનમાં ૬ + ૧ ડ્રાયવરની ક્ષમતાવાળી વાન હોવાથી ૬ ની બેઠક વ્યવસ્થા સામે ૧૨ વર્ષ થી નીચેના હોય તેવા બાળકોના સંજોગોમાં ૧૨ વર્ષ સુધીના ૧૨ બાળકોને બેસવાની પુરતી સુવિધાવાળી વાનનો જ ઉપયોગ થાય તે જોવાનું રહેશે.

(૫) સ્કુલના બાળકોને ભાડેથી લઈ જતાં દરેક વાહનની આગળ અને પાછળ સ્કુલ રિક્ષા અને સ્કુલ વાન એમ સ્પષ્ટ અને મોટા અક્ષરે લખાવેલ હોવું જોઈએ. વાહનની દરેક બાજુએ પીળા બેક ગ્રાઉન્ડ ઉપર લાલ રંગમાં સ્કૂલ વાન લખેલું હોવું જોઈએ.

(૬) જો આ વાહન બાળકો માટે ભાડેથી ફરતું હોય તો તેના પર સ્કૂલ વર્ધી એમ સ્પષ્ટ દેખાય તે પ્રમાણે લખાણ હોવું જોઈશે.

(૭) દરેક વાહનમાં પ્રાથમિક સારવાની પેટી ફરજિયાત પણે હોવી જોઈએ. તેમજ શાળાના મુખ્ય શિક્ષકે દર માસે પ્રાથમિક સારવાની પેટીની ખાતરી કરવાની રહેશે.

(૮) દરેક વાહનમાં જરૂરી અગ્નિશામક સાધનો ફરજિયાત રખાય તેની સુચનાનું પાલન થયેલ છે કે કેમ તેની જવાબદારી શાળાના મુખ્ય શિક્ષકની રહેશે.

(૯) ટ્રાન્સપોર્ટેશન સુવિધા વાહન ઉપર તેના માલિકનું નામ અને ટેલીફોન કે મોબાઈલ નંબર અવશ્ય લખેવા હોવા જોઈશે.

(૧૦) સ્કૂલ વાહનના દરવાજા સારી ગુણવત્તાવાળા તાળાઓથી બંધ થાય તેવા એટલે કે બાળકોની સલામતીને અનુરૂપ અચૂક હોવા જોઈશે.

(૧૧) દરેક ઓટોરીક્ષા, વાનમાં, પેસેન્જર કે અન્ય વાહનમાં સ્કૂલ બેગ સલામત રાખવા માટે જરૂરી જગ્યા રાખવી જોઈએ. ઓટોરીક્ષા કે વાનની આગળ પાછળ કે બાજુમાં સ્કુલબેગ લટકાવવી નહી.

(૧૨) સીટ કુશન સાદી સપાટીવાળુ હોવું જોઈએ/વાંકી ચુકી સપાટીવાળું હોવું જોઈએ નહીં.

(૧૩) વાનમાં ઉતારુ કમ્પાર્ટમેન્ટમાં બારીઓ એવી ડીઝાઈનવાળી જાળીથી કાયમી રીતે બંધ કરવી જોઈએ કે જેથી જાળીમાંથી બાળકોના શરીરનો કોઈ ભાગ બહાર આવી શકે નહીં.

(૧૪) વાહનમાં બલ્બ હોર્ન બેસાડેલું હોવું જોઈએ અને તે ચાલુ હાલતમાં હોવું જોઈએ.

(૧૫) વાહન ૨૦ કિ.મી. કરતાં વધુ ઝડપથી ચલાવી શકાશે નહીં.

(૧૬) વાહનમાં બાળકોના દફતર વાહનની કોઈપણ સાઈડે બહાર લટકાવી શકાશે નહીં.

(૧૭) ડ્રાઈવરની સીટ ઉપર કઈપણ બાળકને બેસાડી શકાશે નહીં.

(૧૮) ટ્રાન્સપોર્ટેશન માટે નકકી કરેલ વાહનનો ચાલુ વર્ષનો ફુલ વિમો હોવો જોઈએ. જેની નકલ એસ.એમ.સી.માં રાખવાની રહેશે.

(૧૯) ડ્રાઈવરનું પોલીસ વેરીફીકેશન ફરજિયાત એક માસની સમય મર્યાદામાં કરાવવાનું રહેશે.

(૨૦) શિક્ષણ વિભાગના તા.૧/૨/૨૦૧૬ ના પત્ર ક્રમાંક : પીઆરઈ/૧૨૧૬/સીસી–૯૨/ક અને અત્રેની કચેરીના તા.૦૫/૦૨/૨૦૧૬ના પરિપત્ર નં.૧૪૬ની સુચનાઓને ધ્યાને લેવાની રહેશે.

(૨૨) વાહન પર એસએસએનો લોગો સરળતાથી વાંચી શકાય તે રીતે ફરજીયાત લગાવવાનો રહેશે.

(૨૩) વાહનના ડ્રાયવર પાસે લાભાર્થી બાળકોના નામની યાદી હોવી જોઈએ.

(૨૪) ડ્રાઈવરના નામ–સરનામા અને ફોન નંબરની માહિતી શાળાના મુખ્ય શિક્ષક પાસે હોવી જોઈશે.

(૨૫) ટ્રાન્સપોર્ટેશન માટેના વાહનમાં કેટલા બાળકોને બેસાડી શકાય, તેની વિગતો, સંખ્યાની વિગતો, વાહન વ્યવહાર, કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજયના પરિપત્ર ક્રમાંક ૧૨૪૦ તા.૩.૩.૨૦૦૬ ની માન્યના પ્રમાણે ચકાસી તેટલા જ બાળકો બેસાડવાની કાળજી શાળાના મુખ્ય શિક્ષક, લાભાર્થી બાળકોના વર્ગશિક્ષકે રાખવી અને આ વાહન ટેકસી પાર્સિંગ(પીળી નંબર પ્લેટ)જ રાખવાનું રહેશે.

(૨૬)બાળકોને આપવામાં આવતી ટ્રાન્સપોર્ટેશન સુવિધા દરમ્યાન આકસ્મિક કોઈ દુર્ઘટના કે જાનહાનિ થાય તો આ અંગેની કોઈપણ જવાબદારી શાળા કે એસ.એસ.એ. કચેરીની રહેશે નહી. વાલીઓ કોઈપણ પ્રકારના વળતરની માગણી કરી શકશે નહી તેવી લાભ લેનાર તમામ બાળકોના વાલીઓનું (બિડાણ–૨ )મુજબ વાલીસંમતિ પત્રક ફરજિયાત લેવાનું રહેશે.

(૨૭) ડ્રાયવરે કોઈપણ પ્રકારનો નશો કરી વાહન ચલાવી શકશે નહી તે સબબનું આ સાથેના નિયત નમુના મુજબનું બાહેંધરી પત્રક લેવાનું રહેશે.

(૨૮) વાહનમાં ટેપ, રેડીયો જેવા સાધનો વગાડી શકાશે નહીં.

(૨૯) ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે માટે મુખ્ય શિક્ષકે વાહનના ડ્રાયવરને માહિતગાર કરી અને તેનું ચુસ્તપણે અમલીકરણ થાય તેની કાળજી લેવાની રહેશે.

(૩૦) વાહનનો ઉપયોગ જો રજા /જાહેર તહેવારના દિવસે આપની જરૂરિયાત મુજબ થાય તો આ અંગે કોઈ વધારાના નાણાંનું ચુકવણું કરવાનું રહેશે નહિ.

(૩૧) ટ્રાન્સપોર્ટેશનનું ચુકવણું દર મહિને કરવાનું રહેશે અને તેના ઉપર સરકારી કાયદા મુજબ ટી.ડી.એસ. ની કપાત કરીને ચુકવણું કરવાનું રહેશે.

(૩૨) ટી.ડી.એસ. ની કપાત દર મહિને કરી તેનું બેંક મારફત ચલણ ભરવાનું રહેશે.

(૩૩) ટી.ડી.એસ. ચલણ ની એક કોપી સર્વ શિક્ષા અભિયાનની ઓફિસમાં દર મહિને આપવાનું રહેશે. અને જો આપવામાં નહિ આવે તો તેની તમામ જવાબદારી એસ.એમ.સી.ની રહેશે.

નોંધ : ઉપરોકત તમામ બાબતોની પૂર્તતા થયે એસ.એમ.સી. / મુખ્ય શિક્ષક દરખાસ્ત કરી સી.આર.સી.મારફત યુ.આર.સી. મારફત સુપરવાઈઝર મારફત મદદનીશ શાસનાધિકારી/નાયબ શાસનાધિકારી ધ્વારા આ તમામ લાભાર્થી બાળકોનું વેરીફીકેશન કરી તમામ માહિતી આધાર પુરાવા સાથે વડી કચેરી ખાતે દિન—૧૫માં મોકલી આપવાની રહેશે.

તા.૮-૩-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

પરિશિષ્ટ-૧

C/.../...

# SMC કક્ષાએથી ટ્રાન્સપોર્ટેશન એસ્કોર્ટ માટેનો દરખાસ્ત પત્ર

૧. શાળાનું નામ : ..........................................................................................

૨. શાળાનો ડાયસ કોડ : ..........................................................................................

૩. સરનામું : ..........................................................................................

૪. કલસ્ટર : ........................., બ્લોક : ......................, જિલ્લો : ......................

૫. બાળકોને ......................... સુવિધા આપવા માટે દરખાસ્ત છે.

(૧) ટ્રાન્સપોર્ટેશન

૬. ટ્રાન્સપોર્ટેશન માટે નક્કી કરેલ વાહન ..........................................................................................

(૧) સરકારી બસ (૨) RTO માન્ય બંધ બોડીનું ફોરવીલવાળું વાહન (૩) અન્ય

(૪) બાળકોની વિગતો

| ક્રમ | બાળકનું નામ | ધોરણ | ઉંમર | બાળકના ઘરનું સરનામું | શાળાથી અંતર | ટ્રાન્સપોર્ટેશન આપવા માટેનું કારણ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

## પ્રમાણપત્ર

આપી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉપરોક્ત દરખાસ્તમાં દર્શાવેલ બાળકો ખરેખર ટ્રાન્સપોર્ટેશનના મળવાપાત્ર છે. કારણ કે તેઓના રહેઠાણની શાળાનું અંતર ૩ કિલોમીટર કે તેથી વધુ છે. જેથી અમારા દ્વારા ખાતરી થયેલ છે. જેમા માટે તેમના વાલીઓની સંમતિ મળેલ છે.

સભ્ય સચિવ

પ્રમુખ (SMC)

પરિશિષ્ટ-3

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## વાહન ચાલકનું બાહેધરી પત્રક

આથી હું નામે.......................................ઉ.વર્ષ:..........રહેવાસી..........
...........................................................મો.નંબર:.....................લાયસન્સ
નંબર ..................લાયસન્સ પૂર્ણ થવાની તારીખ......છે અને હું ..............................
.............શાળામાં પરિવહન સુવિધા ગાડી નં................થી આપું છું અને બાળકોને શાળાથી ઘરે અને ઘરથી શાળાએ લાવવામાં નીચે મુજબની શરતોનું પાલન કરવા સંમત થાવ છું.

શરતો.

૧ ડ્રાઈવરની સીટ ઉપર કોઈપણ બાળકને બેસાડીશ નહી.

૨. વાહન ૨૦ કિ.મી. કરતાં વધુ ઝડપે ચલાવીશ નહી.બાળકોની સલામતી જળવાય તેવી રીતે ચડવા ઉતારવા તેમજ મુસાફરીમાં કાળજી રાખીશ.

૩. વાહનમાં બાળકોના દફતરો ડાબી કે જમણી બાજુએ બહાર લટકાવીશ નહી.

૪. વાહનમાં પ્રાથમિક સારવારની પેટી ફરજિયાત રાખીશ.

૫. વાહનમાં ટેપ, રેડીયો જેવા સાધનો વગાડીશ નહી.

૬ કોઈપણ પ્રકારનો નશો કરી વાહન ચલાવીશ નહી.

૭ શાળામાંથી આપવામાં આવેલ બાળકોના નામની યાદી મુજબ જ બાળકોને એ જ ગાડીમાં બાળકોને બેસાડીશ.

૮ વાહન પર એસએસએનો લોગો સરળતાથી વાંચી શકાય તે રીત ફરજીયાત લગાવીશ.

ઉપરોકત તમામ શરતોનું તેમજ શાળા કક્ષાએથી સમયાંતરે આપવામાં આવતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા સંમત છું અને આ શરતની પાલન કરવામાં કોઈપણ ચુક થશે તો તેની સંપુર્ણ જવાબદારી મારી રહેશે.

તા. / /

સહિ.

નામ :

# ચાઈલ્ડ પ્રોફાઈલ (ટ્રાન્સપોર્ટેશન)વર્ષ૨૦૧૬-૧૭

બાળકનુ નામ: ........................................................................................

શાળા.............................................ડાયસ કોંડ..............................................

શાળાનુ સરનામુ:........................................................................................

ક્લસ્ટર:.....................બ્લોક.......................ડિસ્ટીક...........................

ટ્રાન્સપોર્ટેસન શરૂથયાની તા.........................ધોરણ...............ઉમર...............

શાળાના મુ.શિ નુનામ..........................................................................

ટ્રાન્સપોર્ટેસનના લાભની વિગતો..........................................................

બાળક નો
તાજેતરનો ફોટો

| ક્રમ | માસ (તારીખ) | બાળકનીહાજરી | ટ્રાન્સપોર્ટેસનનોપ્રકાર | કુલ દિવસો | ચુકવણાનીવિગતો | સહી/SMC,Ms |
|---|---|---|---|---|---|---|
| ૧ | એપ્રીલ | | | | | |
| ૨ | મે | | | | | |
| ૩ | જુન | | | | | |
| ૪ | જુલાઈ | | | | | |
| ૫ | ઓગષ્ટ | | | | | |
| ૬ | સપ્ટેબર | | | | | |
| ૭ | ઓકટોબર | | | | | |
| ૮ | નવેબર | | | | | |
| ૯ | ડીસેબર | | | | | |
| ૧૦ | જાન્યુઆરી | | | | | |
| ૧૧ | ફેબ્રુઆરી | | | | | |
| ૧૨ | માર્ચ | | | | | |

## એસ.એમ.સીનં પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવેછે કે ઉપરાકત યાદીમાં દર્શાવેલ બાળકોએ દર્શાવેલ સમયગાળા માટે ટ્રાંસપોર્ટેશન યોજનાનો લાભ મેળવેલછે.

પ્રમુખ (સહી)
શાળા વ્યવસ્થાપન સમિતિ

સભ્ય સચિવ (સહી)
શાળા વ્યવસ્થાપન સમિતિ

પરિશિષ્ટ-૨

C/16

## ટ્રાન્સપોટેશન યોજનાનો લાભ અપાવવા માટે વાલિઓનું સમંતિ પત્રક

આથી હું ............................................... મારી વય.......................... છે.

મારુ/મારા.............. બાળક/બાળકો

(૧) ...........................................

(૨)...........................................

........................................ ગામની સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ : .......... માં અભ્યાસ કરે છે. અમારા ગામ/શહેર વિસ્તારથી શાળાનું અંતર વધુ છે,જેથી અમારા બાળકો નિયમિત અને સમયસર શાળામાં જઈ શકે તે માટે અમે અમારી જવાબદારીથી બાળકો માટે ટ્રાન્સપોર્ટેશનની યોજનાનો લાભ અપાવવવા માટે ભલામણ કરીએ છીએ.

અમારા બાળકોને ................................... ધ્વારા શાળાનાં કાર્યના દિવસોમાં શાળાએથી આવવા–જવા માટે ટ્રાન્સપોર્ટેશન યોજનાનો લાભ લેવા માટે અમારી સહમતી આપીએ છીએ. આ ટ્રાન્સપોર્ટેશન દરમ્યાન બાળકને કોઈ પણ પ્રકારનું નુકસાન કે અન્ય કોઈ પ્રકારની હાની થાય તો તેની જવાબદારી અમારી અંગત રહેશે.

વાલીનું નામ : .................................................................

વાલીની સહી : ..............................................................